**Vidhyayana - ISSN 2454-8596**
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
**www.vidhyayanaejournal.org**
**Indexed in: ROAD & Google Scholar**

# વાંકાનેર રાજયનો રાજકીય ઇતિહાસ

ડૉ. શૈલેષ રાણાભાઈ લાવડીયા

શ્રી દોશી આર્ટ્સ & કોમર્સ કોલેજ, વાંકાનેર

વાંકાનેર રાજ્યના સ્થાપક હળવદ ધાંગધ્રા રાજ્યના ઝાલા વંશના વંશજો હતા વાંકાનેરના ઝાલાકુળના સ્થાપક સરતાનજી હળવદના રાજવી ચંદ્રસિંહના યુવરાજ પૃથ્વીરાજના પુત્ર હતા પૃથ્વીરાજ વઢવાણમાં રહેતા હતા તેને અમદાવાદના સુબેદારે પકડ્યા અને તેઓ અમદાવાદમાં જ મૃત્યુ પામ્યા[1] પૃથ્વીરાજને બે પુત્રો હતા સરતાનજી અને રાજોજી ચંદ્રસિંહજીના જયેષ્ઠ પુત્ર પૃથ્વીરાજના મૃત્યુ પછી તેનો મોટો પુત્ર સરતાનજી હળવદની ગાદીનો હકદાર હતો પરંતુ તેના કાકા અસ્કરણે હળવદની ગાદી પચાવી પાડતા પૃથ્વીરાજના પુત્ર પોતાના મામાની જાગીર ભાડલીમાં જઈને રહ્યા હતા સરતાનજીએ નવાનગરના જામલાખાજી સહાયથી બાબરીયા અને માહિયા લોકો પાસેથી વાંકાનેર તથા તેની આસપાસના ગામડાઓ જીતી લઇ વાંકાનેરમાં ગાદીની સ્થાપના કરી.[2]

સરતાનજીએ પોતાના હક્કનું હળવદ રાજય મેળવવા અનેકવાર પ્રયત્નો કર્યા પરંતુ સફળતા ના મળતા. તેમણે પ્રતિજ્ઞા લીધી કે જ્યાં સુધી હળવદની ગાદી પુનઃ પ્રાપ્ત નહિ કરે ત્યાં સુધી તે કે તેના વંશજો લગ્ન સમયે ચોથો ફેરો નહિં ફરે.[3] સરતાનજીએ હળવદ ઉપર અનેક હુમલાઓ કરેલા પરંતુ તેમને સફળતા મળી નહીં. ઇ. સ. ૧૬૨૩માં હળવદના લશ્કરે વાંકાનેર ઉપર આક્રમણ કર્યું ભીમગુંડાની આ લડાઈમાં સરતાનજી મૃત્યુ પામ્યા[4]

**માનસિંહજી (૧૬૨૩ - ૧૬૫૩)**

વાંકાનેર ગાદીએ બીજા શાસક તરીકે માનસિંહજી આવ્યા માનસિંહજી બાળ વયના હોવાથી તેના કાકા રાજોજી તેના વાલી તરીકે વહીવટ સંભાળતા હતા. પરંતુ તેમને ફાવતું ન હતું તેથી તેઓ પ્રથમ રાતીદેવળી અને પછી ખોડું ગામ જઇને રહ્યા હતા. પછીથી રાજોજીએ ઇ.સ. ૧૬૩૦માં તેમણે વઢવાણમાં સ્વતંત્ર રાજ્યની સ્થાપના કરી હતી[5]. માનસિંહજીએ હળવદ પર અનેક હલ્લા કર્યા પરંતુ તેઓ સફળ થયા નહીં ઇસ. ૧૫૫૩માં

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

તેમનું અવસાન થયું

**રાયસિંહજી (૧૬૫૩ - ૧૬૭૯)**

માનસિંહજીના અવસાન પછી રાયસિંહજી વાંકાનેરની ગાદી પર આવ્યા ૨૬ વર્ષ એમને શાંતિમય શાસન કર્યું રાયસિંહજીને બે પુત્રો હતા એક ચંદ્રસિંહજી અને બીજા વેરોજી, વેરાજીને કોઠારીયા ગામ જીવાઈમાં આપ્યું[6] ઇસ. ૧૬૭૯માં તેમનું અવસાન થયું

**ચંદ્રસિંહજી પહેલા (૧૬૭૯ - ૧૭૨૧)**

વાંકાનેરની ગાદીએ ચોથા શાસક તરીકે ચંદ્રસિંહજી પહેલા ગાદીએ આવ્યા તેઓ તેમના પૂર્વજ જેવા જ પરાક્રમી હતા. મુઘલ સમ્રાટે જોધપુરના મહારાજા જસવંતસિંહજીને ગુજરાતના સૂબા તરીકે મુક્યા. જસવંતસિંહજીએ હળવદ જીતી લઈ નજરઅલીખાન બાબીને આપી દીધું ત્યારે ચંદ્રસિંહજીએ હળવદ ઉપર ચડાઈ કરી જીતી લીધું અને ત્યાં ત્રણ વર્ષ સુધી રાજ કર્યું ૧૬૮૨માં જશવંતસિંહે તે મુઘલ સમ્રાટ પાસેથી હળવદ પાછું લઈ લીધું[7]

**પૃથ્વીસિંહજી (૧૭૨૧ - ૧૭૨૮)**

ઈસ. ૧૭૨૧ માં ચંદ્રસિંહજીનું અવસાન થતા તેના પુત્ર પૃથ્વીસિંહ પાંચમા શાસક બન્યા તેઓએ સાત વર્ષ રાજ કર્યું ઈસ. ૧૭૨૮માં મૃત્યુ પામ્યા પૃથ્વીસિંહજીને પુત્ર ન હોવાથી રાજગાદીએ તેમના ભાઈ કેસરીસિંહજી આવ્યા

**કેસરી સિંહજી (૧૭૨૮ - ૧૭૪૯)**

કેસરીસિંહ વાંકાનેર ના છઠ્ઠા શાસક તરીકે ગાદી આવ્યા પરંતુ પૃથ્વીસિંહજીનું અવસાન થતાં જામ સાહેબ ને કેસરીસિંહના નાનાભાઈ વરસોજીને ગાદીએ બેસાડવા માંગતા હતા પણ વઢવાણના કૌટુંબિક ઝાલા શાસક અર્જુનસિંહે કેસરીસિંહ તરફેણ કરતાં જામ સાહેબના પ્રયત્નો નિષ્ફળ ગયા માટે વઢવાણ કરેલી મદદ ના બદલામાં કેસરીસિંહજીએ વઢવાણને નાગનેશ અને બીજા 11 ગામો ભેટમાં આપ્યા[8]

**ભારોજી (૧૭૪૯ - ૧૭૮૪)**

કેસરી સિંહના મૃત્યુ પછી તેના પુત્ર ભારોજી વાંકાનેરના શાસક બન્યા તે ખૂબ જ બહાદુર અને સાહસિક હતા તેણે વાંકાનેરની ફરતે કિલ્લો બંધાવી તેને સુરક્ષિત બનાવ્યું હતું તેને અનેક મંદિરો પણ બંધાવ્યો હતો ભારોજીએ સાયલાના શેખોજીની મદદથી ધાંગધ્રાનો કબજો જાળવી રાખ્યો હતો. શેખોજીએ બાવળીના કલોજીની મદદ થી હળવદ પણ લીધું હતું. પણ થોડા સમયમાં હાથમાં જતું રહ્યું હતું[9] કોઠીકુંડણીના કાઠીઓ વાંકાનેર વિસ્તારમાં ધાડ પાડતા હતા તેમણે જુનાગઢના દિવાન અમરજીની મદદથી કાઠીઓને હરાવ્યા હતા ત્યાર પછી તેને સરધાર તાબાનું સાજડિયાળી ગામ લૂટ્યું હતું રક્ષણ માટે આવેલા રાજકોટના રાજવી લાખાજીને હરાવ્યા હતા[10] ભારોજીનું આતિથ્ય પણ વખણાતું તે અંગે એક ઉક્તિ પ્રચલિત હતી કે "ભારા સાઇ રોટ અને કુંભા સાઇ કોટ" એટલે કે વાંકાનેરના ભારાજીનો રોટલો વખણાતો અને ગોંડલના કુંભાજીનો કિલ્લો વખણાતો

**કેસરીસિંહ બીજા (૧૭૮૪ - ૧૭૮૭)**

ભારોજી પછી વાંકાનેરના આઠમા શાસક તરીકે કેસરીસિંહજી બીજા ગાદીએ બેઠા. ભારોજીના યુવરાજ રાયસિંહ મૃત્યુ પામતા. ભારોજીના પૌત્ર કેસરીસિંહ ગાદી પર બેઠા. પરંતુ તેઓ માત્ર 3 વર્ષ રાજ કરી ઇ.સ. ૧૭૮૭માં મૃત્યુ પામ્યા હતા

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**ચંદ્રસિંહજી બીજા ઉર્ફે ડોસાજી - (૧૭૮૭ - ૧૮૪૯૦**

વાંકાનેરના નવમા શાસક તરીકે ચંદ્રસિંહજી બીજા ગાદીએ બેઠા. જે ડોસાજી તરીકે પ્રસિદ્ધ હતા. રામપરડા કાઠી દરબારોએ વાંકાનેરની હદમાં લુંટફાટ કરી જેનો બદલો લેવા ડોસાજીએ રામપરડા પર ચડાઈ કરી જેઓ ધાંગધ્રાને આશ્રિત હતા માટે ધ્રાંગધ્રા જસવંતસિંહજીએ નવાનગર અને જૂનાગઢની મદદ લીધી પરંતુ ડોસાજીએ ત્રણેય રાજયોની સયુંકત ફોજને ટક્કર આપી હતી[11] ભીમોરાનો કાઠી નાજો ધાંધલ વાંકાનેરના ઢોર લૂંટી ગયેલો તેનો બદલો લેવા ચંદ્રસિંહજીએ સુદામડા ગામ લૂંટયુ હતુ. ડોસાજી વઢવાણના પૃથ્વીરાજજી સાથે અમદાવાદ ગયેલા ત્યાંથી પાછા ફરતા રસ્તામાં ગાયકવાડી સેનાના જમાદાર બચ્ચાની સાથે લડાઈ થઈ તેમાં જમાદારનો ભત્રીજો ઇસબને માર્યો. તેથી ગાયકવાડના દબાણના કારણે ઇસબની હત્યા બદલ મેસરિયા ગામ દેવું પડ્યું.[12] ચંદ્રસિંહજીએ પાડોશી રાજ્યો વચ્ચે સંધિ કરાવવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેમની મધ્યસ્થીથી જ ગોંડલના ઠાકોર કુંભાજીએ આણંદપરના કાઠી રાવજી ખાચરને છોડી મુક્યા હતા, કચ્છના મહારાવ તથા આદેસરના રાજવી વચ્ચે સમાધાન પણ તેમને જ કરાવ્યું હતું*[13] અને ચંદ્રસિંહજીના સમયમાં જ વાંકાનેર વોકર કરાર પર સહી કરી હતી[14]

**વખતસિંહજી (૧૮૦૯ - ૧૮૬૧)**

ચંદ્રસિંહજીનું ૧૮૦૯માં અવસાન થતાં તેમના પુત્ર વખતસિંહજી ગાદી પર બેસ્યા તેઓ ભક્તિ ભાવ ધરાવતા રાજવી હતા તેમને સોમનાથ દ્વારકા જેવા અનેક તીર્થ સ્થળોની મુલાકાત લઈ ત્યાં દાન પુણ્યના કામો કર્યા ૧૮૮૫માં તેમણે શિક્ષણને પ્રોત્સાહન આપવા વાંકાનેરમાં તાલુકા શાળા સ્થાપી ૧૮૫૭માં થાન અને વાંકાનેર વચ્ચે કલ્યાણી ધાર પાસેની વીડીની હુકુમતના પ્રશ્ન મતભેદ ઊભા થયા ત્યારે બ્રિટિશ સરકારે મધ્યસ્થી કરી વાંકાનેરની તરફેણમાં સમાધાન કરાવ્યું[15] રાજકુટુંબનો ખર્ચ અને લગ્નના પ્રતિષ્ઠામૂલક ખર્ચને

કારણે રાજ્ય આર્થિક મુશ્કેલીમાં મુકાયું હતું તેથી 1860 માં વાંકાનેર તળપદ સિવાયના ગામોનું મહેસૂલ રાજયે આણંદજી અમરજીને ત્યાં ગીરવે મૂક્યું હતું[16]

**બનેસિંહજી (૧૮૬૧- ૧૮૮૧)**

વખતસિંહજીના જ્યેષ્ઠ પુત્ર જશવંતસિંહજી તેમની હયાતીમાં જ અવસાન પામ્યા. તેથી વખતસિંહજી પછી તેમના પૌત્ર બનેસિંહજી ગાદીએ આવ્યા. તેમના શાસનકાળમાં વાંકાનેરના આધુનિકીકરણનો પાયો નખાયો ૧૮૭૭માં લિટને દિલ્હીમાં દરબાર ભર્યો ત્યારે દેશી રાજ્યોને તોપોનું માન આપવાની પ્રથા દાખલ કરાઈ હતી. તે પ્રમાણે વાંકાનેર રાજ્યને નવ તોપોનું માન આપવાનું નક્કી કરાયું હતું[17]. તેમના રાજ્યકાળ દરમ્યાન ૧૮૭૩માં વડોદરાના મહેતા હરિપ્રસાદ રંગીલદાસ મારફત અગાઉ બચ્ચા જમાદારને દંડપેટે આપેલું મેસરિયા ગામ રૂ. 45 હજાર આપીને પાછું મેળવ્યું હતું.[18] કરમચંદ ઉત્તમચંદ ગાંધી (ગાંધીજીના પિતા) વાંકાનેરમાં દીવાનપદે રહી ચૂક્યા હતા. તેમના તથા અન્ય કારભારીઓના કુશળ વહીવટથી રાજ્યની આર્થિક સ્થિતિ સુધરી હતી.[19] તેથી રાજ્ય આધુનિકીકરણ અંગે ધ્યાન આપી શક્યું. પોલીસતંત્ર, શિક્ષણ, જાહેર આરોગ્ય વગેરે ક્ષેત્રે સુધારા કરાયા. આ સિવાય તેમના રાજ્યકાળમાં વાંકાનેરમાં નવી જેલ, ઇ.સ.૧૮૭૮માં કન્યાશાળા, ઇ.સ. ૧૮૭૬માં હૉસ્પિટલ ખૂલી અને રાજ્યમાં પોલીસ પ્રથા દાખલ કરી લોકોને નિષ્પક્ષ ન્યાય મળે તે માટે અદાલતો સ્થાપવામાં આવી. અપીલ માટે હજૂર કોર્ટ હતી અને રાજ્યનું ઉત્તમ બંધારણ પણ બાંધ્યું. તેમણે રાજગઢ, હરિપુર, આદપુર, સમઢિયાળું, સતાપર અને છતર નામના ૬ નવાગામ વસાવ્યા. ઉપરાંત તેમણે રૂપિયા ૨૦,૦૦૦ ખર્ચી વાંકાનેરનો કિલ્લો સમરાવ્યો.[20] વાંકાનેરને રાજકોટ તથા વઢવાણના રસ્તા સાથે જોડતી સડક બાંધવામાં આવી. મુસાફરો માટે ધર્મશાળા પણ બંધાવાઈ હતી. પ્રજા માટે કૂવા બંધાવ્યા હતા. રાહદારી વેરો નાબૂદ કરવામાં આવ્યો હતો. બનેસિંહજી જેઠસુદ - ૧૫ ને રવિવાર ઈ.સ. ૧૮૮૧માં અવસાન પામ્યાં.

**અમરસિંહજી (૧૮૮૧-૧૯૪૯)**

અમરસિંહજી ગાદીને આવ્યા ત્યારે તેમની ઉંમર માત્ર અઢી વર્ષની હતી તેથી તેમનું રાજ્ય બ્રિટિશ એજન્સીના વહિવટ હેઠળ મૂકવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન વાંકાનેરનો વહીવટ કાઠિયાવાડના પોલિટિકલ એજન્ટ શ્રી ગણપતરાવ એન. લાડે ચલાવ્યો હતો.[21] અમરસિંહજીએ રાજકોટની રાજકુમાર કોલેજમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેઓ ઇંગ્લેંડના પ્રવાસે ગયા. ૧૮૯૯માં પોલીટીકલ એજન્ટ હંટરે તેમને વાંકાનેર રાજયના શાસક તરીકેના સંપૂર્ણ હકો આપવામાં આવ્યા હતાં[22] ઇ.સ. ૧૮૯૯થી ૧૯૦૩માં પડેલા ભયંકર દુકાળ પડ્યા ત્યારે ખેડૂતો માટે રહતકાર્યો શરૂ કર્યા અશક્તો તથા ગરીબો માટે મફત અનાજ આપ્યું. ઘણા પશુઓ મરી જતા માળવાથી બળદો લોકોને આપ્યા પશુઓ માટે ઘાસકેન્દ્રો શરૂ કર્યા [23] તેમણે ઇ.સ. ૧૯૧૧માં દિલ્હીમાં ભરાયેલ કોરોનેશન દરબારમાં હાજરી આપી હતી. તેમના સારા વહીવટની કદર કરીને બ્રિટિશ સરકારે તેમને ઇ.સ. ૧૯૧૨માં કે. સી આઇ. ઇ. (K.C.I.E.) નો ઇલ્કાબ આપ્યો હતો. પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન તેમણે બ્રિટિશ સરકારને રાજય તરફથી શકય બધી લશ્કરી તથા નાણાકીય સહાય કરી હતી. એટલું જ નહિં પરંતુ પોતે વ્યકિતગત લશ્કરી મોરચે સેવા આપવા ગયા હતા. તેમણે ફ્રાંસમાં યુધ્ધભૂમિ ઉપર સક્રિય ભાગ લીધો હતો. તેઓ ત્યાં તા. ૧૪-૬૧-૧૯૧૫ના 'કાઠિયાવાડ મોટર એમ્બ્યુલન્સ કોર્પસ'માં જોડાયા હતા અને સાત મહિના પછી જુલાઇ, ૧૯૧૬માં ભારત પાછા ફર્યા હતા.તા.૧૮-૩-૧૯૧૬ના રોજ ઇંગ્લેંડના રાજા અને રાણીએ તેમને વ્યક્તિગત મુલાકાત આપી હતી. યુધ્ધ મેદાન ઉપર હતા ત્યારે તેમને કામચલાઉ રીતે કેપ્ટનનો દરજ્જો આપવામાં આવ્યો હતો. જે તા.૧-૧-૧૯૧૮ના રોજ કાયમી કરવામાં આવ્યો હતો. યુધ્ધમાં તેમણે બજાવેલી સેવાની કદરરૂપે તેમનું સલામતીનું માન ૯ તોપોમાંથી વધારીને ૧૧ તોપોનુ કરવામાં આવ્યું હતું.[24] ૧૯૨૪માં બ્રિટિશ સરકારે તેમને મહારાજાનું બિરુદ આપ્યું તેમના શાસનના ૨૫ વર્ષે ૧૯૨૪-૨૫માં પૂરા થતા વાંકાનેરમાં

તેમની પ્રતિમા મુકવામાં આવી હતી[25] ઇ.સ. ૧૯૨૭માં વાંકાનેરની મુલાકાતે ભારતના વાઇસરોય લોર્ડ ઇરવીન અને ઇ.સ.૧૯૩૬માં લોર્ડ વિલિંગ્ડન પણ આવ્યા હતા [26]

ખેડૂતોને શાહુકારોની પકડમાંથી છોડાવવા ૧૯૧૩માં કૃષિ સહકારી બેંક શરૂ કરવામાં આવી પછીથી ખેડૂત બેંકમાં અન્ય વ્યક્તિને પણ બચત ખાતું ખોલી બચત કરવા પ્રોત્સાહન અપાયું. ખેડૂતોને આધુનિક ખેતી પદ્ધતિ વાકેફ કરવા ૧૯૦૭માં વૈજ્ઞાનિક મોડલ કૃષી ફાર્મ શરૂ કરાયુ હતું ૧૯૧૮માં ખેડૂતો ઉપરનો પિયત ખેતી ઉપરનો કર દૂર કરવામાંઆવ્યો મહેસુલ રોકડમાં ભરવાનો કાયદો રાજયે ઘડ્યો.[27]અમરસિંહજીનું સૌથી મોટું કોઈ પ્રદાન ભાવિપેઢી માટે હોય તો સમગ્ર ઝાલાકુળના ઇતિહાસને આવરી લેતો ૧૨૦૦ જેટલા પૃષ્ઠનો ‘ઝાલા વંશ વારિધિ’ નામનો ગ્રંથ પોતાના રાજકવિ નથુરામ શુક્લ દ્વારા તૈયાર કરાવ્યો.[28] અમરસિંહજીએ અમરસર, જામસર, ગોકળપર, છતર, કાશીપર, હસનપર, લાલપર, નવતરકિયું, ખાનપર, નાગલસર, વિઠ્ઠલગઢ, જીવાપર, આણંદપર, મૂળસર, મોજેપલાસ, વીરપર અને લક્ષ્મીપર નામના ૧૭ ગામો વસાવ્યા. આ દરેક ગામો વાસ્તુશાસ્ત્રના નિયમોની મુજબ મુહૂર્ત જોવડાવી ખાતમુહૂર્ત કરેલા હતા, ત્યારે દરેક ગામના પટેલોને પાઘડીઓ બંધાવવામાં આવી હતી[29]

અમરસિંહજીએ વાંકાનેર રાજ્યનો ઔધોગિક ક્ષેત્રે વિકાસ કરી તેનું આધુનિકરણ કરવા પ્રયાસો કર્યા હતા. ઇ.સ. ૧૯૧૮માં ઈંડિયન પોટરી વર્કસ વાંકાનેરમાં શરૂ થયું હતું. તે પરશુરામ પોટરી વર્કર્સ ખરીદી લેતાં તેની કામગીરી સુધરી હતી અને પોટરી ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું હતું. તો ઇ. સ. ૧૯૩૩માં તેમણે અમરસિંહજીએ કાપડ મિલ શરૂ કરી હતી. વાંકાનેર શહેરની પ્રજાને તથા ઉધોગોને વીજળી પૂરી પાડવા માટે તેમણે પાવર હાઉસ પણ (વીજળી ઘર) સ્થાપ્યું હતું. ઇ.સ. ૧૯૪૦માં વાંકાનેરમાં રંગ બનાવવાનું કારખાનું સ્થાપવામાં આવ્યું હતું. તો પ્રજાના આરોગ્યની જાળવણી માટે એક હોસ્પિટલ પણ શરૂ કરવામાં આવી હતી.

આમ અમરસિંહજીના વ્યકિતગત જીવંત રસ તથા પ્રોત્સાહનને પરિણામે વાંકાનેર નાનું રાજય હોવા છતાં બીજાં રાજયો કરતાં ત્યાં ઔધોગીકરણની વહેલી શરૂઆત થઇ હતી[30]. તેમણે જ પોતાના રાજયનું ભારત સંઘ સાથે ઇ.સ. ૧૯૪૭માં જોડાણ કરવાના કરાર કર્યાં હતા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સંદર્ભ ગ્રંથો**

1 ખાચર પ્રદ્યુમ્ન ભ. (સંપાદક), કાઠિયાવાડ સર્વસંગ્રહ, જૂનાગઢ પૃ 384

2 દેસાઈ શંભુપ્રસાદ હ., સૌરાષ્ટ્રનો ઇતિહાસ, રાજકોટ,2018 પૃ 595

3 જાની એસ વી, સૌરાષ્ટ્રનો ઇતિહાસ, રાજકોટ 2010 પૃ 81

4 દેસાઈ શંભુપ્રસાદ હ. પૂર્વોક્ત પૃ 632

5 રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ (ગુજરાતી), પૃ 82

6 ખાચર પ્રદ્યુમ્ન ભ. (સંપાદક), પૂર્વોક્ત પૃ 385

7 રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ (ગુજરાતી), પૃ 83

8 એજન પૃ 83

9 એજન પૃ 83

10 ખાચર પ્રદ્યુમ્ન ભ. (સંપાદક), પૂર્વોક્ત પૃ 385

11 ખાચર પ્રદ્યુમ્ન ભ., સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઇતિહાસ, રાજકોટ 2010 પૃ 326

12 દેસાઈ શંભુપ્રસાદ હ. પૂર્વોક્ત પૃ 633

13 રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ (ગુજરાતી), પૃ 83

14 જાની એસ વી પૂર્વોક્ત પૃ 81

15 એજન પૃ 280

16 એજન પૃ 280

17 એજન પૃ 280

18 ખાચર પ્ર.ભ. અને પી.આર. મારૂ, કાઠીયાવાડના રાજવીઓ, સણોસરા 2005 પૃ 76

19 જાની એસ વી પૂર્વોક્ત પૃ 280

20 ખાચર પ્રદ્યુમ્ન ભ., પૂર્વોક્ત પૃ 328

21 રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ (ગુજરાતી), પૃ 104

22 ખાચર પ્ર.ભ. અને પી.આર. મારૂ, પૂર્વોક્ત પૃ 78

23 જાની એસ વી પૂર્વોક્ત પૃ 282

24 રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ (ગુજરાતી), પૃ 104

25 જાની એસ વી પૂર્વોક્ત પૃ 282

26 ખાચર પ્રદ્યુમ્ન ભ., પૂર્વોક્ત પૃ 330

27 જાની એસ વી પૂર્વોક્ત પૃ 282

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

28 ખાચર પ્રદ્યુમ્ન ભ., પૂર્વોક્ત પૃ 321

29 એજન પૃ 321

30 રાજકોટ જિલ્લા સર્વસંગ્રહ (ગુજરાતી), પૃ 104